શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
SHRI K. P. SANGHVI HOSPITAL
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૨૪૬૨૦૭૭-૮૮
જનરલ સર્જરી - લેપ્રોસ્કોપીક (દૂરબીન દ્વારા ઓપરેશન) સર્જીકલ ઓ.પી.ડી.
અનુભવી નિષ્ણાંત જનરલ સર્જરી અને લેપ્રોસ્કોપીક (દૂરબીન દ્વારા) સર્જનની ઓ.પી.ડી. સેવા ઉપલબ્ધ.
ડૉ. સોહીલ સાયકલવાલા : M.S.(Laparoscopy & General Surgeon)
સોમ થી શનિ : સાંજે ૬ થી ૭
મ્હોં - જડબાની સર્જીકલ ઓ.પી.ડી.
* મ્હોં-જડબાને લગતા ઓપરેશન * અકસ્માતથી થતા મ્હોં-જડબાના ફ્રેક્ચર ઓપરેશન
* જન્મજાત ખોડખાપણની વિકૃતિથી પિડાતા વાંકાચૂકા મ્હોં-જડબા અને ફાટેલા હોઠ
* તાળવા જન્મથી જ મોઢું ન ખુલ્લું * નાક-કાન વાંકાચૂકા હોવા જેવા ઓપરેશનના અનુભવી નિષ્ણાંત સર્જનની સેવા ઉપલબ્ધ.
ડૉ. નેહલ એસ. પટેલ : MDS, Oral & Maxillofacial Surgeon & Implantologist
સોમ અને બુધવાર : બપોરે ૧ થી ૩

ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

સુપર સોલ્ટ (આરોગ્યપ્રદ મીઠું)
SUPER SALT BABU BHAI
સેંધા નમક હોલસેલ ભાવે મળશે
ભોજનમાં શુધ્ધ મીઠાનો ઉપયોગ કરો
શરીર માટે ઉપયોગી સિંધવ મીઠું કઈ રીતે બેસ્ટ છે ?
શ્વસન પ્રક્રિયા માટે પાણીની અછત સામે | ગર્ભાવસ્થા માટે સ્કીનની સાચવણી માટે | માંસપેશીઓ માટે બ્લડપ્રેશર માટે
હોલસેલ ડેપો સુપર સોલ્ટ બેંક ઓફ બરોડા પાસે, પાંડેસરા G.I.D.C. સુરત.
રીટેઈલ કાઉન્ટર ઋષભ ટાવર પાસે,નવયુગ પોસ્ટ ઓફિસની નીચે અડાજણ, સુરત. Call : 98795 06947
દોરીયાવાડ મસ્જિદ પાસે, સલાબતપુરા, સુરત.
વેપારી પૂછપરછ માટે
Call : 91066 97544

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૨ * * * સંવત ૨૦૮૧ અષાઢ સુદ અગિયારસ, રવિવાર ૬ જુલાઇ, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૨૦૭

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦

ટેક્સાસમાં સ્થિતિ વણસી: 23 છોકરીઓ સાથેનો સમર કેમ્પ તણાયો

નદી કિનારે બનાવાયેલો આ ઉનાળુ કેમ્પ પૂરના પાણીમાં સંપૂર્ણ નષ્ટ

૨૦ છોકરીઓ લાપતા, ૩નાં મૃતદેહો મળ્યા

કેરવિલે, તા. ૫: અમેરિકાના ટેક્સાસ રાજ્યમાં પુરથી ભયંકર સ્થિતિ સર્જાઇ છે. ઓછામાં ઓછા ૨૪નાં મૃત્યુ થયા છે અને ઘણા લોકો લાપતા છે. તેમાં પણ એક સમર કેમ્પમાં ગયેલી શાળાની ૨૩ નાની છોકરીઓ લાપતા થઇ જતા ચકચાર મચી ગઇ હતી. આમાંથી ત્રણ છોકરીઓના મૃતદેહો મળી આવ્યા છે જ્યારે વીસ છોકરીઓ હજુ લાપતા છે.

હંટ નામના સ્થળે આવેલ એક નદી કાંઠેના ઉનાળુ કેમ્પમાં આ છોકરીઓ ગઇ હતી. કેમ્પ મિસ્ટીક નામનો આ કેમ્પે કમનસીબે પૂરના પાણીની અડફેટે ચડી ગયો હતો અને આ તમામ છોકરીઓ તણાઇ ગઇ હોવાનું માનવામાં આવે છે. પૂરમાં સમગ્ર કેમ્પ નષ્ટ થઇ ગયો છે. આ છોકરીઓના મા-બાપ અને કુટુંબીજનોએ આ બાળકીઓના ફોટાઓ ઓનલાઇન મૂકીને તેમની માહિતી આપવા વિનંતીઓ જારી કરી છે. જ્યારે ટેક્સાસના લેફ્ટેનન્ટ ગવર્નરે આ બાળકીઓ સલામત મળી આવે તે માટે પ્રાર્થના કરવા લોકોને વિનંતી કરી છે. બચાવકર્તાઓએ કેટલાક કેમ્પરોને હેલિકોપ્ટરો વડે બચાવ્યા હોવાના અહેવાલ છે છતાં ઘણા લાપતા છે. આ કેમ્પ નદી કાંઠે જ હતો અને ઝડપથી અણધાર્યા પૂરની અડફેટે ચડી ગયો હતો. ગૌડાલુપ નદીમાં ૪૫ મીનિટમાં જ ૨૬ ફૂટ પાણી ચડી ગયું હતું.

કેરવિલે પછી ઓસ્ટિન સિટીમાં પણ ભારે વિનાશ

ઓસ્ટિન, તા. ૫: પૂરનો સૌથી વધુ માર કેરવિલે શહેરને પડ્યો હોવાનું કહેવાય છે ત્યારે હવે ઓસ્ટિન શહેર પણ તેના માર્ગે જ હોવાનું જણાય છે. ઓસ્ટિન શહેર પણ ભયંકર રીતે પાણીમાં ડૂબી ગયું છે અને ઘણા મકાનોને ભારે નુકસાન થયું હોવાનો ભય છે. સ્થાનિક લોકોને લિન્ડોન તળાવ ફાટવાનો ભય છે કારણ કે લાનો નદી તેની નજીકથી જ વહે છે અને તેનુ પાણી ઝડપથી આ તળાવમાં ઠલવાઇ રહ્યું છે. અહીં પોતાના કુટુંબને બચાવવા જતા ૨૭ વર્ષની વયના એક શખ્સનું કરૂણ મૃત્યુ નિપજ્યું હતું.

એક યુવતી ૧૨ માઇલ જેટલી દૂર તણાઇ ગઇ, ઝાડ પર ચડીને બચી ગઇ

એક ચમત્કારીક કહી શકાય તેવા બનાવમાં એક યુવતી પૂરના પાણીમાં ૧૨ માઇલ જેટલી દૂર તણાઇ ગઇ હતી. જો કે તે ત્યારબાદ હિમતભેર એક ઝાડ પર ચડી ગઇ હતી અને તેની એક ડાળી પકડીને બેસી રહી હતી. છેવટે બચાવકર્તાઓએ તેને સલામત રીતે નીચે ઉતારી હતી. તેની ઓળખ થઈ નથી.

ટેક્સાસમાં પૂરથી ૨૭નાં મોત, અનેક લાપતા

લાપતા લોકોની ચાલતી સઘન શોધખોળ, ૮૦૦થી વધુ લોકોને બચાવાયા

મૃત્યુઆંક ઘણો ઉંચે જવાનો ભય, કેટલાક વિસ્તારોમાં હજી વરસાદ થવાની આગાહી

કેરવિલે, તા. 5 : અમેરિકાના ટેક્સાસ રાજ્યમાં ભારે વરસાદ પછી અચાનક આવેલા વિનાશક પૂરને કારણે ભયંકર સ્થિતિ સર્જાઇ છે. મૃત્યુઆંક ઝડપભેર વધીને ૨૭ થઇ ગયો છે અને હજી તો અનેક લોકો લાપતા હોવાથી મૃત્યુઆંક ઘણો ઉંચે જવાનો ભય સેવાઇ રહ્યો છે. જ્યાં ભારે વરસાદ અને વિનાશક પૂરની અસર થઇ છે તે મધ્ય ટેક્સાસમાં અચાનક પૂરથી મૃત્યુઆંક 27 થયો છે, જેમાં 9 બાળકોનો પણ સમાવેશ થાય છે.

કેર કાઉન્ટી શેરિફ લેરી લીથાએ જણાવ્યું હતું કે ટેક્સાસ હિલ કન્ટ્રીમાં શોધ અને બચાવ પ્રયાસો ચાલુ છે. ગુઆડાલુપ નદીના કિનારે વિનાશક ઝડપી ગતિએ વહેતા પાણીએ શુક્રવારે વહેલી સવારે નદી નજીક એક છોકરીઓના શિબિરનો નાશ કર્યો હતો અને ઘરો ધોવાઈ ગયા. ઘણા લોકો ગુમ છે. મૃત બાળકોમાં આ શિબિરની ત્રણ છોકરીઓનો પણ સમાવેશ થાય છે. ટેક્સાસમાં ભારે વરસાદ પછી આવેલા ઘોડાપૂરમાં ભારે વિનાશ થયો છે. રાજ્યભરમાં કેટલા લાપતા છે તેનો આંકડો સત્તાવાળાઓએ હજી આપ્યો ન હતો. લાપતાઓની શોધખોળ ચાલુ છે. ઓછામાં ઓછા ૨૩૭ લોકોને અત્યાર સુધી બચાવી શકાયા છે. અનેક લોકો લાપતા હોવાથી મૃત્યુઆંક વધવાનો ભય છે. વળી, હજી પૂરનો ભય ઓસર્યો નથી. કેટલાક વિસ્તારોમાં હજી ભારે વરસાદ થવાની આગાહી છે.

કેર કાઉન્ટીના શેરિફ લેરી

...અનુસંધાન પાના 10 પર

ભારતની પ્રત્યાર્પણની વિનંતી પર નીરવ મોદીના ભાઈ નેહલની અમેરિકામાં ધરપકડ

અમેરિકામાં છેતરપિંડીના એક કેસમાં ત્રણ વર્ષની સજા પુરી થયાના બીજા જ દિવસે નેહલને ભારતની વિનંતીના આધારે ફરી કસ્ટડીમાં લેવાયો

નેહલ મોદી પંજાબ નેશનલ બેંક સાથે થયેલા રૂ. ૧૩,૦૦૦ કરોડના કથિત કૌભાંડમાં સહઆરોપી છે

નવી દિલ્હી, તા. ૫ (પીટીઆઈ): અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું કે, એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ અને સીબીઆઈની પ્રત્યાર્પણ વિનંતીઓના આધારે અમેરિકી અધિકારીઓએ ભાગેડુ હીરા વેપારી નીરવ મોદીના નાના ભાઈની ધરપકડ કરી છે.

અમેરિકી અધિકારીઓએ ભારતને જાણ કરી છે કે, નેહલ મોદીને શુક્રવારે કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો.

આ મામલે આગામી સુનાવણીની તારીખ ૧૭ જુલાઈ છે, જ્યારે નેહલ જામીન માંગી શકે છે, પરંતુ યુએસ પ્રોસિક્યુટર્સ દ્વારા તેનો વિરોધ કરવામાં આવશે. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. આ પગલું ઈડી અને સીબીઆઈ દ્વારા સંયુક્ત રીતે રજૂ કરાયેલ પ્રત્યાર્પણ વિનંતી પર લેવામાં આવ્યું છે. સીબીઆઇની વિનંતીના આધારે નેહલ સામે ઇન્ટરપોલે રેડ નોટિસ કાઢી હતી. અમેરિકી પ્રોસિક્યુટર્સ દ્વારા પ્રત્યાર્પણ કાર્યવાહી બે આરોપો પર હાથ ધરવામાં આવી હતી - પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ), ૨૦૦૨ની કલમ ૩ હેઠળ મની લોન્ડરિંગનો એક આરોપ અને ભારતીય દંડ સંહિતાની કલમ ૧૨૦-બી (ગુનાહિત કાવતરું) અને ૨૦૧ (ગાયબ થવા) હેઠળ ગુનાહિત કાવતરુંનો એક આરોપ. ૪૬ વર્ષીય નેહલ પંજાબ નેશનલ બેંક સાથે જોડાયેલા રૂ. ૧૩,૦૦૦ કરોડના કથિત કૌભાંડમાં આરોપી છે - જે આવા સૌથી મોટા કૌભાંડોમાંનું એક છે. એવો આરોપ મૂકવામાં આવ્યો

...અનુસંધાન પાના 11 પર

રામબનમાં 5 બસો એકબીજા સાથે અથડાતાં 36 અમરનાથ યાત્રાળુઓ ઘાયલ

રામબન/જમ્મુ, તા. 5 (પીટીઆઈ)

જમ્મુ અને કાશ્મીરના રામબન જિલ્લામાં શનિવારે પાંચ બસો એકબીજા સાથે અથડાતાં વિવિધ રાજ્યોના ઓછામાં ઓછા 36 અમરનાથ યાત્રાળુઓને નાની-મોટી ઈજાઓ થઈ હતી. એમ અધિકારીઓએ જણાવ્યું હતું. બસો જમ્મુના ભગવતી નગરથી દક્ષિણ કાશ્મીરમાં યાત્રાના પહેલગામ બેઝ કેમ્પ તરફ જઈ રહી હતી. રામબન

...અનુસંધાન પાના 11 પર

ભારતને વોન્ટેડ વ્યક્તિઓનું પ્રત્યાર્પણ કરવામાં પાકિસ્તાનને કોઈ વાંધો નથી: બિલાવલ ભુટ્ટો

જો કે ભારત અમુક પ્રક્રિયાઓમાં સહકાર નહીં આપતું હોવાનો પાકિસ્તાનના ભૂતપૂર્વ વિદેશ મંત્રીનો દાવો

હાફીઝ સઇદ પાકિસ્તાનની કસ્ટડીમાં છે અને મસૂદ અઝહર કદાચ અફઘાનિસ્તાનમાં છે એમ ભુટ્ટોએ કહ્યું

ઈસ્લામાબાદ, તા. ૫(પીટીઆઈ): પાકિસ્તાનના ભૂતપૂર્વ વિદેશ મંત્રી બિલાવલ ભુટ્ટો ઝરદારીએ જણાવ્યું છે કે જ્યાં સુધી નવી દિલ્હી પ્રક્રિયામાં સહકાર આપે છે તો તેમના દેશને ભારતને જે વ્યક્તિઓની જરૂર હોય તેમનું પ્રત્યાર્પણ વિશ્વાસ નિર્માણ કરવાના એક પગલા તરીકે કરવામાં વાંધો નથી.

પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના અધ્યક્ષ એવા બિલાવલે આજે અલ-જઝીરાને આપેલા એક ઈન્ટરવ્યુમાં આ વાત કરી હતી. તેમને જ્યારે લશ્કર-એ-તૈયબાના વડા હાફીઝ સઇદ અને જૈશ-એ-મુહમ્મદના વડા મસૂદ અઝહરના સંભવિત છૂટછાટો અને વિશ્વાસ નિર્માણની ચેષ્ટા તરીકે ભારતને સોંપણી કરવા અંગે પ્રશ્ન પૂછવામાં આવ્યો ત્યારે તેમણે આ કહ્યું હતું એમ ડોન અખબારે અહેવાલ આપ્યો હતો. બિલાવલે કહ્યું હતું કે આ વ્યક્તિઓ વિરુદ્ધ પાકિસ્તાનમાં જે કેસો અંગે કામગીરી ચલાવવામાં આવી હતી તે કેસો ત્રાસવાદી ભંડોળો અંગેના હતા. જો કે તેમણે નોંધ્યું હતું કે તેમને સરહદ પારના ત્રાસવાદ અંગે કામ ચલાવવાનું મુશ્કેલ છે કારણ કે ભારત અમુક બાબતોમાં સહકાર આપતું નથી એવો દાવો તેમણે કર્યો હતો.

ભારત કેટલીક ચોક્કસ પાયાની બાબતોનું પાલન કરવાનો ઈન્કાર કરે છે જે દોષિતપણુ પુરવાર કરવા માટે જરૂરી છે. તેમણે કહ્યું હતું કે તે અગત્યનું છે...આ દેશની અદાલતોમાં પુરાવા રજૂ કરવા માટે ભારતથી લોકો ઉલટ તપાસ માટે આવે અને પોતાની વાત વળતા આક્ષેપોની સામે મૂકે તે જરૂરી છે. જો ભારત આ પ્રક્રિયામાં સાથ આપવા તૈયાર હોય તો મને ખાતરી છે કે લાગતી વળગતી કોઇ પણ વ્યક્તિનું પ્રત્યાર્પણ કરવામાં કોઇ અવરોધ આવશે નહીં એમ તેમણે વધુમાં જણાવ્યું હતું. ત્રાસવાદીઓનો પીછો કરવાની ભારતની પ્રતિજ્ઞા અંગે તેમણે ચિંતા વ્યક્ત કરી હતી અને આને નવી અસાધારણ બાબત ગણાવી હતી. આ પાકિસ્તાનના હિતો સાચવતુ નથી અને ભારતના હિતો પણ સાચવતું નથી એ મુજબ તેમણે કહ્યું હતું. હાફિઝ સઈદ મુક્ત છે તે હકીકતમાં સાચું નથી; તે પાકિસ્તાન દેશની કસ્ટડીમાં છે, તેમણે જો કે કહ્યું કે ઈસ્લામાબાદ અઝહરની ધરપકડ કરવામાં અસમર્થ રહ્યું છે. અમારું માનવું છે કે તે અફઘાનિસ્તાનમાં છે એમ બિલાવલે કહ્યું. જો અને જ્યારે

...અનુસંધાન પાના 11 પર

તા. ૦૫-૦૭-૨૦૨૫નું સુરત શહેરનું

હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો ૪૨ મીમી	મોસમનો ૯૫૫ મીમી
ઉકાઈ	સપાટી આજની ૩૨૦.૬૫ ફૂટ	આઉટફ્લો ૮૦૦ ક્યુસેક

તાપમાન	મહત્તમ	લઘુત્તમ	ભેજ
	૨૭.૮ સે.	૨૫.૫ સે.	૯૭%